# 14. ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ – 2

## સ્વાધ્યાય

### 1. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :

**1) હિમાલય પર્વતશ્રેણીઓમાં કયા કયા ઘાટ આવેલા છે ?**

- હિમાલય પર્વતશ્રેણીઓમાં શિપ્કી લા. જેલાપલા, નાથુ લા વગેરે ઘાટ આવેલા છે.

**2) રેગોલિથ એટલે શું ?**

- ભૂમિ-આવરણમાં ખડકોના નાના-મોટા ટુકડા, કાંકરા, માટી, રજ વગેરે હોય છે, જેને 'રેગોલિથ' કહેવામાં આવે છે. રેગોલિથમાં શરૂઆતમાં ફક્ત જૈવિક દ્રવ્યો હોય છે.

**3) ખડકોના મુખ્ય કેટલા અને કયા કયા પ્રકારો પડે છે ?**

- ખડકોના મુખ્ય ત્રણ પ્રકારો પડે છે : 1. આગ્નેય ખડકો, 2. પ્રસ્તર અથવા નિક્ષેપકૃત ખડકો અને 3. રૂપાંતરિત ખડકો.

**4) જમીન-નિર્માણની પ્રક્રિયા વિશે જણાવો.**

- તાપમાનના મોટા ફેરફારો, વરસાદ, હિમ, હવા, ખવાણ થાય છે. તેનાથી ખદકોને એઉપરની સપાટીનો ભુકો બની ભૂમિ-આવરણ રચાય છે. તેમાં ખદકોન અટુકડા, કાંકરા, માટી રજ વગેરે હોય છે. જે 'રંગોલિથ' કહેવાય છે. તેમાં, જૈવિક દ્રવ્યો, હવા અને પાણી ભળીને 'જમીન' બને છે.
- તાપમાનના મોટા ફેરફારો, વરસાદ, હિમ, હવા, ખવાણ થાય છે. તેનાથી ખડકોને એઉપરની સપાટીનો ભુકો બની ભૂમિ-આવરણ રચાય છે. તેમાં ખડકોના ટુકડા, કાંકરા, માટી રજ વગેરે હોય છે. જે 'રંગોલિથ' કહેવાય છે. તેમાં, જૈવિક દ્રવ્યો, હવા અને પાણી ભળીને 'જમીન' બને છે.

### 2. નીચેની શબ્દ-સંકલ્પનાઓ સમજાવો :

**1) નિક્ષેપણ**

- નદી, હિમનદી, પવાન, દરિયાના મોજાં જેવા ઘસારાનાં પરિબળો દ્વારા થતો કાંપ-માટીનો પથરાટ 'નિષ્પેક્ષણ' કહેવાય છે.

- પૂરનાં મેદાનો, નદી વચ્ચેના ટાપુઓ, નદીના મુખત્રિકોણપ્રદેશો વગેરે ઘણાં ભૂમિસ્વરૂપો નિક્ષપણથી રચાય છે.

### 2) બાંગર

- તરાઈની દક્ષિણે નદીઓના જૂના કાંપનો થર 'બાંગર' કહેવાય છે
- કાંપના નિરંતર થતા જમાવને કારણે તે નવાં પૂરનાં મેદાનોથી થોડી ઊંચાઈએ આવેલા પગથિયા સમાન દેખાય છે.

### 3) ખનીજ

- નિશ્ચિત અણુરચના, અમુક ચોક્કસ રાસાયણિક બંધારણ અને સમાન ગુણધર્મ ધરાવતા ઘન, પ્રવાહી કે વાયુરૂપ પદાર્થોને 'ખનીજ' કહે છે.

### 4) ખડક

- પૃથ્વીના પોપડામાં કે ભુ-કવચમાં આવેલા બધા જ ઘન પદાર્થો ભુસ્તરશાસ્ત્રીની ભાષામાં ખડક કહે છે.

### 5) જમીન

- તાપમાનના મોટા ફેરફારો, વરસાદ, હિમ, હવા, ખવાણ થાય છે. તેનાથી ખડકોની ઉપરની સપાટીનો ભુકો બની ભૂમિ-આવરણ રચાય છે. તેમાં ખડકોના ટુકડા, કાંકરા, માટી રજ વગેરે હોય છે. જે 'રંગોલિથ' કહેવાય છે. તેમાં, જૈવિક દ્રવ્યો, હવા અને પાણી ભળીને 'જમીન' બને છે.

## 3. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો :

### 1) ભારતના દ્વીપસમૂહો

- ભારતમાં બે દ્વીપસમૂહો ધરાવે છે. 1. લક્ષદ્વીપ ટાપુઓ, 2. અંદમાન નિકોબાર ટાપુઓ. આ બંને દ્વીપસમૂહોની ઉત્પત્તી જુદા જુદા પ્રકારે થઈ છે.
- લક્ષદ્વીપ ટાપુઓ અરબ સાગરમાં કેરલના કિનારથી 280 થી 480 કિમી દૂર આવેલા છે. આ દ્વીપસમૂહ પરવાળાન અનિક્ષેપથી રચાયેલા નાના નાના ટાપુઓનો બનેલો છે. તેમના ઘણાનો આકાર ઘોડની નાળ જેવો છે. આ પ્રકારના પરવાળાના દ્વીપોને 'એટોલ' કહેવાય છે. લક્ષદ્વીપ સમૂહમાં કુલ 27 ટાપુઓ છે, જેમાના 11 ટાપુ પર પર વસ્તી છે.

- અંદમાન અને નિકોરબાર ટાપુઓ બંગાળની ખાડીમાં કોલકાતા અને ચેન્નાઈથી લગભગ 1200 કિમીના સમાન અંતરે આવેલા છે. આ ટાપુઓ લક્ષદ્વીપ ટાપુઓ કરતાં મોટા, સંખ્યામાં વધુ અને વધારે વિસ્તૃત ક્ષેત્રમાં પથરાયેલા છે. નાના-મોટા કુલ 572 ટાપુઓ નિર્જન છે.
- આ ટાપુઓ નિમજ્જન-પર્વત શ્રેણીઓનાં શિખરો છે. એ પૈકી કેટલાક જ્વાળામુખી ક્રિયા દ્વારા બનેલા છે. આમાનાં કેટલાક દ્વીપોની લંબાઈ 60 થી 100 કિમી જેટલી છે. નિકોબાર દ્વીપસમૂહ લગભગ 350 કિમીના અંતરમાં ફેલાયેલો છે.
- અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો દેશની વ્યૂહાત્મક સુરક્ષાની દ્રષ્ટિએ ઘણા મહત્વપૂર્ણ છે.

## 2) ભારતની જમીનના પ્રકારો જણાવી વિસ્તૃત માહિતી આપો.

- ભારતની જમીનોને છ પ્રકારોમાં વહેંચવામાં આવે છે. 1. કાંપની જમીન, 2. કાળી કે રેગુર જમીન, 3. રાતી જમીન, 4. પડખાઉ કે લેટેરાઈટ જમીન, 5. પર્વતીય જમીન અને 6. રણપ્રકારની જમીન.
- કાંપની જમીન : કાંપની જમીન દેશના મોટા વિસ્તારોમાં જોવા મળે છે. તે મુખ્યત્વે ઉત્તરના મેદાનો, કિનારાનાં મેદાનો અને છત્તીસગઢ બેસીનમાં આવેલી છે.
- કાંપની જમીનના બે પ્રકાર છે : ખદર અને બાંગર. નદીઓના નિક્ષેપથી બનેલી નવા કાંપની જમીન ખદર નામે ઓળખાય છે. આવી જમીનો મોટી નદીઓનાં નજીકનાં ક્ષેત્રોમાં જોવા મળે છે.
- નદીઓના ઉપરવાસમાં આવેલી જૂના કાંપની જમીનો બાંગર કહેવાય છે.
- ખદર જમીન પ્રમાણમાં રેતાળ અને આછા રંગની હોય છે, જ્યારે બાંગર જમીન ચીકણી અને ઘેરા રંગની હોય છે.
- કાળી જમીન : કાળી જમીન દખ્ખણ ભારતના ઉચ્ચપ્રદેશોમાં મુખ્યત્વે મહારાષ્ટ્ર, પશ્ચિમી મધ્ય પ્રદેશ, ઉત્તર કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા, તમિલનાડુ, અને ગુજરાતમાં આવેલી છે.
- તે રૂપાંતરીત ખડકોમાંથી બનેલી છે.
- તે કસરદાર અને ચીકણી હોય છે અને ભેજને લાંબા સમય સુધી જાળવી રખવાની ક્ષમતા ધરાવે છે.
- તે કપાસના પાક માટે ખુબ અનુકૂળ હોવાથી 'કપાસની કાળી જમીન' તરીકે ઓળખાય છે. તે 'રેગુર' નામે પણ જાણીતી છે.
- 3. રાતી જમીન ;ભારતમાં રાતી જમીન મોટા ભાગે ગોવા, તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને ઝારખંડના કેટલાક ભાગોમાં અને ઉત્તર-પૂર્વના રાજ્યોમાં આવેલી છે.
- તે ખાસ કરીને અગ્નિકૃત- અને રૂપાંતરિત ખડકો ધરાવતા ક્ષેત્રોમાં જોવા મળે છે.
- તેનો રાતો રંગ તેમાં રહેલા લોહતત્વ અને અન્ય સેન્દ્રીય તત્વોને આભારી છે.
- જ્યાં જમીનના કણો ઘણા બારીક છે અને થર જાડા છે ત્યાં તે છિદ્રાળુ અને ઉપજાઉ છે.

- 4. પડાખાઉ કે લેટેરાઈટ જમીન : પડખાઉ જમીન પશ્ચિમ મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરલ, ઓડિશા, અસમ અને મેઘાલયના કેટલાક ભાગોમાં જોવા મળે છે.
- ભારે વરસાદને લીધે જમીનના ઉપલા પડમાંથી દ્રાવ્ય ક્ષારો ધોવાઈને પડખાઉ જમીન બને છે.
- ધોવાઈ ગયેલા પડમાં લોહ અને ઍલ્યુમિનિયમ તત્વોનાં સંયોજનનું પ્રમાણ વધુ હોવાથી તે રાતી દેખાય છે.
- પડખાઉ જમીનમાં જૈવિક દ્રવ્યોનું પ્રમાણ ઓછું હોવાથી તે ઓછી ફળદ્રુપતા ધરાવે છે.
- 5. પર્વતીય જમીન : ભારતમાં પર્વતીય જમીન હિમાલય અને પૂર્વની પર્વતશ્રેણીઓ ધરાવતાં જમ્મુ-કશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં જોવા મળે છે.
- જંગલવાળા ભાગોમાં આ જમીનમાં જૈવિક દ્રવ્યો વધુ હોય છે.
- 6. રણપ્રકારની જમીન : ભારતમાં રણપ્રકારની જમીન રાજસ્થાન, ગુજરાત, પંજાબ, અને હરિયાણાનાં શુષ્ક ક્ષેત્રોમાં આવેલી છે.
- અહીં કેટલીક રેતી મુખ્યત્વે પવન દ્વારા થયેલા સ્થાનિક ખવાણથી ઉદ્દભવી છે, તો કેટલીક સિંધુખીણમાંથી ઊડી આવીને જમા થઈ છે.
- કેટલાંક ક્ષેત્રોમાં ક્ષારકણોની અધિકતા અને જૈવિક દ્રવ્યોની ઓછપ જેવા મળે છે.
- અહીં જે વિસ્તારોમાં માટીના કણોનું પ્રમાણ સારું છે અને ક્ષારતા ઓછી છે ત્યાં સિંચાઈની સગવડો થવાથી ખેતી થવા લાગી છે.

### 3) ખનીજોનું વર્ગીકરણ કરો.

- ધાતુમય ખનીજો :
- કીમતી ધાતુમય ખનીજો : સોનું , રૂપું, પ્લેટેનમ વગેરે
- હલકી ધાતુમય ખનીજો : મૅગ્નેશિયમ, બૉક્સાઈટ, ટીટાનિયમ વગેરે.
- સામાન્ય ઉપયોગમાં લેવાતાં ખનીજો : લોખંડ, તાંબું, સીસું, જસત, કલાઈ, નિકલ વગેરે.
- મિશ્રધાતુઓના રૂપે વપરાતા ખનીજો : ક્રોમિયમ, મૅંગેનીઝ, ટંગસ્ટન, વેનેડિયમ વગેરે.
- અધાતુમય ખનીજો : ચૂનાના પથ્થર, ચૉક, ઍસ્બેસ્ટૉસ, અબરખ, ફ્લોરસ્પાર, જિપ્સમ, ગંધક, હીરા, વગેરે.
- સંચાલનશક્તિ માટે ઉપયોગમાં લેવાતાં ખનીજો : કોલસો, ખનીજ તેલ, કુદરતી વાયુ, યુરેનિયમ, થોરિયમ વગેરે.

4. નીચે આપેલા પ્રશ્નોમાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર પૂર્ણ કરો :

1) પતકાઈ ટેકરીઓ : અરુણાચલ પ્રદેશ :: લૂસાઈ : ..........

(A) નાગાલૅન્ડ

(B) મણિપુર

(C) મિઝોરમ

(D) મેઘાલય

2) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ? શોધો.

(A) કશીશ : સોનું, ચાંદી, પ્લેટિનમ કીમતી ધાતુમય ખનીજો છે.

(B) કિન્ની : બૉક્સાઈટ, ટીટાનિયમ અને મૅગ્નેશિયમ વગેરે હલકી ધતુમય ખનીજો છે.

(C) ધ્રુવી : ટન્ગસ્ટન, મૅંગેનીઝ અને ક્રોમિયમ વગેરે અધાતુમય ખનીજો છે.

(D) નિધિ : સીસું, તાંબુ અને લોખંડ વગેરે સામાન્ય ઉપયોગમાં લેવાતા ખનીજો છે.

3) સાચા જોડકાં જોડો.

| ક્રમ | અ | ક્રમ | બ |
|---|---|---|---|
| 1 | પ્રસ્તર ખડક | A | ગ્રેનાઈટ |
| 2 | રૂપાંતરિત ખડક | B | ચૂનાનો પથ્થર |
| 3 | આગ્નેય ખડક | C | આરસપહાણ |

(A) 1-B, 2-C, 3-A

(B) 1-A, 2-C, 3-B

(C) 1-C, 2-B, 3-A

(D) 1-B, 2-A, 3-C

4) નીચેનાંમાંથી ક્યું વિધાન સાચું છે ?

(A) પશ્ચિમઘાટ ઉત્તરક્ષેત્રમાં વધુ ઊંચાઈ ધરાવે છે.

(B) કર્ણાટકમાં પશ્ચિમઘાટને નીલગિરિ કહે છે.

(C) પશ્ચિમઘાટ અરબસાગરને કિનારે અવિચ્છિન્ન રૂપે ઉત્તર-દક્ષિણમાં વ્યાપ્ત છે.

(D) કેરળ અને તમિલનાડુની સીમા પર પશ્ચિમઘાટને સહ્યાદ્રિ કહે છે.

**(5) અરવલ્લી અને વિંધ્યાચળની વચ્ચે કયો ઉચ્ચપ્રદેશ આવેલો છે ?**

(A) છોટા નાગરપુરતો

(B) માળવાનો

(C) દખ્ખણનો

(D) શિલોંગનો